# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

*****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રગીતે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામને ઉર્જા આપી અને સ્વતંત્રતા સેનાનીઓના સપનાઓને સાકાર કરવા માટે રાષ્ટ્રને પ્રેરણા આપતું રહેશે.

**2)** રાજ્યસભામાં આરોગ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા  ઉપકર બિલ, 2025 પર ચર્ચા ચાલી રહી છે.

**3)** નાગરિક ઉડ્ડયન મંત્રીએ  જણાવ્યું કે , હવાઈ સલામતી સાથે સમાધાન કરવામાં આવશે નહીં કારણ કે તે સરકારની ટોચની પ્રાથમિકતા છે.

**4)** છત્તીસગઢના ખૈરાગઢ-છુઇખદાન-ગંડાઈ જિલ્લામાં બાર નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું

**5)** ભારત અને દક્ષિણ આફ્રિકા  વચ્ચે આજે રાત્રે પુરુષ  હોકીની બીજી મેચ કેપટાઉનના હાર્ટલીવેલ સ્ટેડિયમ ખાતે રમાશે.

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LOK SABHA – VANDE MATRAM-1

રાષ્ટ્રીય ગીત, વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર લોકસભા એક ખાસ ચર્ચા કરી રહી છે. આ ગીત 1875માં બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા લખવામાં આવ્યું હતું અને 24 જાન્યુઆરી, 1950ના રોજ ભારતની બંધારણ સભા દ્વારા તેને રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવવામાં આવ્યું હતું.

આજે લોકસભામાં ચર્ચા શરૂ કરતા , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે વંદે માતરમના મંત્રએ સમગ્ર રાષ્ટ્રને શક્તિ અને પ્રેરણા આપી અને સ્વતંત્રતા ચળવળમાં જીવનનો સંચાર કર્યો.

**(બાઇટ – પીએમ મોદી, વંદે માતરમ્)**

તેમણે કહ્યું કે રાષ્ટ્રીય ગીત આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા કલ્પના કરાયેલા સપનાઓને પૂર્ણ કરવા માટે લોકોને પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે વંદે માતરમ 1875માં બ્રિટિશ સરકાર દ્વારા વિવિધ પ્રકારના જુલમ સામેના બળવા દરમિયાન લખવામાં આવ્યું હતું.

**(બાઇટ – પીએમ મોદી, સ્વતંત્રતા સેનાની)**

ચર્ચામાં ભાગ લેતા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિહે આ મુજબ જણાવ્યું..

**(બાઇટ – રાજનાથ સિંહ)**

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું કે બંગાળના ઘણા લેખકો અને કવિઓએ એવા ગીતો લખ્યા જે સ્વતંત્રતા ચળવળ દરમિયાન ઘણા લોકોને પ્રેરણા આપે છે. ચર્ચા દરમિયાન સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ , ટીએમસી સાંસદ કાકોલી ઘોષ દસ્તીદાર, જેડી(યુ)ના દેવેશ ચંદ્ર ઠાકુર , ટીડીપીના ડૉ. બાયરેડી શબરી , શિવસેનાના શ્રીરંગ બાર્નેએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો.

# LOK SABHA – VANDE MATRAM-2

આ પહેલા ચર્ચા શરૂ કરવાની જાહેરાત કરતા, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે જ્યારે ભારત ગુલામી સામે લડી રહ્યું હતું ત્યારે રાષ્ટ્રગીત મુશ્કેલ સમયમાં પ્રકાશ અને આશા દર્શાવે છે.

(બાઇટ – ઓમ પ્રકાશ બિરલા)

. . . . . . . . . . . . .

# PM MODI – SPEECH

લોકસભામાં વંદે માતરમ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભાષણ અં ગે ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે કહ્યું કે લોકસભામાં પ્રધાનમંત્રી મોદીનું ભાષણ એક ઐતિહાસિક દસ્તાવેજ બની ગયું છે જે આવનારી પેઢીઓને પ્રેરણા આપશે.

ભાજપે વિપક્ષના નેતા રાહુલ ગાંધી ની ટીકા કરતાં ભાજપના નેતા મનોજ તિવારીએ કહ્યું કે જ્યારે પ્રધાનમંત્રીએ લોકસભામાં વંદે માતરમ પર ચર્ચા શરૂ કરી ત્યારે રાહુલ ગાંધી ગૃહમાં હાજર નહોતા . સંસદની બહાર આકાશવાણી સમાચાર સાથે વાત કરતા શ્રી તિવારીએ કહ્યું કે આ ખૂબ જ મહત્વપૂર્ણ ચર્ચા છે કારણ કે વંદે માતરમ ભારતની એકતા અને સંસ્કૃતિનું પ્રતીક છે.

સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા ભાજપના સાંસદ સંબિત પાત્રાએ કહ્યું કે આજે વંદે માતરમ પર પોતાના ભાષણ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પાર્ટીના વંદે માતરમ પ્રત્યેના વિશ્વાસઘાતનો પર્દાફાશ કર્યો

. . . . . . . . . . . . . .

# RAJYA SABHA – HEALTH BILL

રાજ્યસભામાં આરોગ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર બિલ , 2025 પર ચર્ચા ચાલી રહી છે. આ બિલમાં પાન મસાલા અને કેન્દ્ર સરકાર દ્વારા ઓળખાયેલી અન્ય વસ્તુઓના ઉત્પાદન પર સેસ લાદવાનો પ્રસ્તાવ છે. તેમાંથી મળેલી રકમનો ઉપયોગ આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા પર ખર્ચવામાં આવશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે રાજ્યસભામાં આ બિલ રજૂ કર્યું . નાણામંત્રીએ જણાવ્યું હતું કે તેનો હેતુ રાષ્ટ્રીય મહત્વના બે ક્ષેત્રો : આરોગ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા માટે સમર્પિત અને અનુમાનિત સંસાધન સ્રોત બનાવવાનો છે.

કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે કહ્યું કે ગુટખા અને પાન મસાલા જેવી હાનિકારક વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ . તેમણે કહ્યું કે ફક્ત સેસ લાદવાથી આ આરોગ્ય સમસ્યાનો ઉકેલ આવશે નહીં.

. . . . . . . . . . . . .

# PM MODI - WHO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 19 ડિસેમ્બરે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વ આરોગ્ય સંગઠન - WHOના પરંપરાગત દવા પરના બીજા વૈશ્વિક શિખર સંમેલનના સમાપન સમારોહને સંબોધિત કરશે.

WHO ના ડિરેક્ટર જનરલ ડૉ . ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસ , આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા અને આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવ પણ હાજર રહેશે.

પત્રકાર પરિષદને સંબોધતા, શ્રી જાધવે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ વિશ્વભરના મંત્રીઓ , નીતિ નિર્માતાઓ , વૈશ્વિક આરોગ્ય નેતાઓ , સંશોધકો, નિષ્ણાતો, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને પ્રેક્ટિશનરોને એક સાથે લાવશે.

17 ડિસેમ્બરથી શરૂ થનારી આ ત્રણ દિવસીય વૈશ્વિ ક શિખર સંમેલનની થીમ "સંતુલન પુનઃસ્થાપિત: આરોગ્ય અને સુખાકારીનું વિજ્ઞાન અને પ્રેક્ટિસ" છે.

આ પરિષદમાં 100 થી વધુ દેશો ભાગ લે તેવી અપેક્ષા છે . બ્રાઝિલ, પેરુ, થાઇલેન્ડ અને સંયુક્ત આરબ અમીરાત સહિત 20 દેશો સાથે દ્વિપક્ષીય ચર્ચાઓ પણ યોજાશે.

. . . . . . . . . . . . .

# RS - NAIDU

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું છે કે, એક થી 7 ડિસેમ્બર દરમિયાન, 5 લાખ 86 હજાર 700 થી વધુ મુસાફરોના PNR રદ કરવામાં આવ્યા હતા અને તેમને રિફંડ કરવામાં આવ્યા હતા , જેના પરિણામે 569 કરોડ રૂપિયાથી વધુના રિફંડ મળ્યા હતા. મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે કુલ 9 હજાર બેગમાંથી 4 હજાર 500 ગ્રાહકોને પહોંચાડવામાં આવ્યા છે , અને બાકીની બેગ આગામી 36 કલાકમાં પહોંચાડવામાં આવશે.

આ દરમિયાન , નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ આજે રાજ્યસભામાં માહિતી આપી હતી કે સરકારે કેટલીક ફ્લાઇટ્સ રદ થવાથી સર્જાયેલી પરિસ્થિતિના પ્રતિભાવમાં દેશભરમાં હવાઈ ભાડા મર્યાદિત કર્યા છે,

અન્ય પૂરકના જવાબમાં , મંત્રીએ જણાવ્યું હતું કે હવાઈ સલામતી સાથે સમાધાન કરવામાં આવશે નહીં કારણ કે તે સરકારની ટોચની પ્રાથમિકતા છે.

. . . . . . . . . . . . .

# NAXAL

છત્તીસગઢના ખૈરાગઢ-છુઇખદાન-ગંડાઈ જિલ્લામાં આજે બાર નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું. આત્મસમર્પણ કરનારાઓમાં નક્સલવાદના સેન્ટ્રલ કમિટીનો એક સભ્ય અને એક ગેંગ લીડરનો સમાવેશ થાય છે.

આ આત્મસમર્પણ બકરકટ્ટા પોલીસ સ્ટેશન હેઠળના કુમ્હી ગામમાં પોલીસ અધિકારીઓ સમક્ષ થયું હ તું, આ નક્સલીઓ મધ્યપ્રદેશ , મહારાષ્ટ્ર અને છત્તીસગઢના વિવિધ જિલ્લાઓમાં સક્રિય હતા . તેમણે શસ્ત્રો પણ આત્મસમર્પણ કર્યા હતા.

. . . . . . . . . . . . .

# ELECTION - SIR

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાર ખાસ સુધારણા અભિયાન - SIR ના બીજા તબક્કાની શરૂઆતથી, મતદારોને 50 કરોડ 95 લાખથી વધુ મત ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. આ આશરે 51 કરોડ મતદારોના 99.95 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આશરે 50 કરોડ ફોર્મનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે. ગણતરી ફોર્મ ભરીને આ મહિનાની 11 તારીખ સુધી પરત કરી શકાશે.

. . . . . . . . . . . .

# COURT BLAST

10 નવેમ્બરના રોજ લાલકિલ્લા બોમ્બ વિસ્ફોટ કેસમાં દિલ્હીની એક અદાલતે ધરપકડ કરાયેલા ત્રણ ડોક્ટરો અને એક મૌલવીની રાષ્ટ્રીય તપાસ એજન્સીની કસ્ટડી ચાર દિવસ લંબાવી છે.

ચાર આરોપીઓ - ડૉ. મુઝમ્મિલ ગનાઈ, ડૉ. અદીલ રાથેર, ડૉ. શાહીના સઈદ અને મૌલવી ઈરફાન અહેમદ વાગે - ને પ્રિન્સિપાલ અને સેશન્સ કોર્ટના જજ અંજુ બજાજ ચંદના સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

લાલકિલ્લા કાર બોમ્બ વિસ્ફોટમાં 15 લોકો માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા. ડૉ. ઉમર-ઉન-નબી વિસ્ફોટ થયેલી કાર ચલાવી રહ્યા હતા

. . . . . . . . . . . . .

# PRDHAN – UNIVERSITY OF VALS

સરકારે આજે ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સને ભારતમાં કેમ્પસ સ્થાપવા માટે લેટર ઓફ ઇન્ટેન્ટ - LOI રજૂ કરવાની જાહેરાત કરી.

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ે ઓસ્ટ્રેલિયાના શિક્ષણ મંત્રી જેસન ક્લેર ને નવી દિલ્હીમાં ત્રીજી ઓસ્ટ્રેલિયા -ભારત શિક્ષણ અને કૌશલ્ય પરિષદની બેઠક દરમિયાન, આ પત્ર સોંપ્યો હતો.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી પ્રધાને નોંધ્યું કે યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સ QS વર્લ્ડ યુનિવર્સિટી વૈશ્વિક સ્તરે ટોચની 20 માં સ્થાન ધરાવે છે

. . . . . . . . . . . .

# PIB FACT CHECK

કેન્દ્ર સરકાર મહિલાઓને મફત સ્કૂટી આપી રહી હોવાનો દાવો કરતી એક વિડિઓનું સરકારે ખંડન કર્યું છે . પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના ફેક્ટ ચેકિંગ યુનિટે જણાવ્યું હતું કે આ દાવો ખોટો છે . યુનિટે જણાવ્યું હતું કે સરકારે આવી કોઈ યોજના શરૂ કરી નથી. નાગરિકોને કોઈપણ માહિતી માટે ફક્ત સત્તાવાર સ્ત્રોતો પર આધાર રાખવા વિનંતી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# HOCKEY INDIA

પુરુષ હોકીની બીજી મેચ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે રાત્રે ૧૦:૩૦ વાગ્યે કેપટાઉનના હાર્ટલીવેલ સ્ટેડિયમ ખાતે રમાશે . ગઈકાલે પહેલી મેચમાં ભારતે યજમાન દક્ષિણ આફ્રિકાને ૫-૨થી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .